# CIMS NEWS

# CARE & CURE

Volume-12 | Issue-126 | January 25, 2021

**અંદર ના પાનામાં :**



નવીનતમ ટેક્નોલોજી સાથેના આઈસીડી નું પ્રત્યારોપણ



એક નાની તિરાડનો અર્થ એ નથી કે તમે ભાંગી ગયા છો. તેનો અર્થ એ છે કે તમે પરીક્ષા આપી છે અને તમે અલગ પડયા નથી : સંજય પટેલ



કિડની ફેલ્યર વિશે માહિતી



ખરતા વાળની સમસ્યા



CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS® Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS NEWS CARE & CURE
Volume-12 | Issue-126 | January 25, 2021

# નવીનતમ ટેકનોલોજી સાથેના આઈસીડી નું પ્રત્યારોપણ





**ડો. અજય નાઈક, સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં નવીનતમ ટેકનોલોજી સાથેના આઇસીડી (ઇમ્પ્લાન્ટેબલ કાર્ડિયોવર્ટર ડિફિબ્રિલેટર એટલે કે હૃદયની લયને મોનિટર કરવા અને અનિયમિત ધબકારા વિષે માહિતી મેળવવા તથા સારવાર માટે છાતીમાં મૂકવામાં આવતું એક નાનું બેટરી સંચાલિત ઉપકરણ) નું પ્રત્યારોપણ કર્યુ છે.**

આ નવી ટેક્નોલોજી વાળા આઇસીડી ડિવાઇસ તાજેતરમાં જ ભારતમાં ઉપલબ્ધ થાય છે. આ ઉપકરણો બ્લૂટૂથની ટેકનોલોજીના ઉપયોગ માટે સક્ષમ છે અને તેની સરળ અને એકધારી નિગરાની માટે આ ઉપકરણને દર્દીના સ્માર્ટ ફોન સાથે જોડી શકાય છે.

ડો. અજય નાઈક, કે જેઓ સિનિયર કન્સલ્ટન્ટ કાર્ડિયોલોજિસ્ટ છે, તેઓએ આ ઉપકરણનું એક ૫૪ વર્ષના યુવાન પુરુષમાં એક જીવન બચાવનાર ઉપકરણ તરીકે પ્રત્યારોપણ કર્યું છે, કારણ કે તેમના હૃદયનું પમ્પિંગ ફંકશન (હૃદયની રક્ત પંપ કરવાની ક્ષમતા) બહુજ નબળું હતું - કોઈ સ્વસ્થ વ્યક્તિના હૃદયના ૬૦ % ના સામાન્ય પમ્પિંગની સરખામણીમાં માત્ર ૨૦ % જ હતું. આ દર્દીની ને વ્યાપક માત્રામાં હાર્ટ એટેક (હૃદય રોગનો હુમલો ) (જ્યારે એન્ટિરિયર માયોકાર્ડિયલ પેશી, કે જેને સામાન્ય રીતે ડાબી અગ્રવર્તી નીચે જતી કોરોનરી ધમની દ્વારા રક્ત પૂરા પાડવામાં આવે છે, તેને લોહીના પુરવઠાના અભાવને લીધે ઇજા થાય છે ત્યારે ઊભી થતી સ્થિતિ),(બાયપાસ સર્જરી) અને વીટી સ્ટોર્મ (એક જીવલેણ સિન્ડ્રોમ જેમાં વેન્ટ્રિક્યુલર એરિથમિયાઝના વારંવાર થતાં એપિસોડ શામેલ છે) જેવી તબીબી સ્થિતિઓ હતી.

“જ્યારે હાર્ટ પમ્પિંગ ફંક્શન (હૃદયની રક્ત પંપ કરવાની ક્ષમતા) હાર્ટ એટેકના કારણે અથવા હૃદયના સ્નાયુઓને લગતી અન્ય કોઈ બીમારીના કારણે આવેલ હૃદયની માંસપેશીની નબળાઇને કારણે ૩૫ % કરતા ઓછું થઈ જાય છે, ત્યારે હૃદયની લયના ખલેલ આવવાનું અને હૃદયનું અસામાન્ય રીતે ખૂબજ ઉચ્ચ દરે ધબકવાનું, કે જેને વેન્ટ્રિક્યુલર ટેકીકાર્ડિયા (વીટી) / વેન્ટ્રિક્યુલર ફિબ્રીલેશન (વીએફ) તરીકે ઓળખવામાં આવે છે, તે બંનેનું ઉચ્ચ જોખમ રહે છે. જો હૃદયની લયને લગતા આવા ડિસઓર્ડર (અવ્યવસ્થા), જેમ કે વીટી / વીએફ, ની તાત્કાલિક સારવાર કરવામાં ન આવે, તો વૈશ્વિક સ્તરે મૃત્યુનું આ સૌથી સામાન્ય કારણ છે, જેને સડન કાર્ડિયાક ડેથ પણ કહેવામાં આવે છે,” ડો. અજય નાઈક કહ્યું.

ઘણી વાર, નિશ્ચિત કરેલ ઉચ્ચ જોખમવાળા બધા જ દર્દીઓ માટે આઇસીડી, (ઇમ્પ્લાન્ટેબલ કાર્ડિયોવર્ટર ડિફિબ્રીલેટર) એક લાંબા ગાળાના મેનેજમેન્ટ સોલ્યુશન તરીકે આપવામાં આવે છે. આઇસીડીને ત્વચાની નીચે, સામાન્ય રીતે છાતીની ઉપરની ડાબી બાજું માં મૂકવામાં આવે છે. તે ખૂબ જ ઝડપી અને સંભવિત જોખમી હૃદયની લય માટે હૃદયની લયને મોનિટર કરી શકે છે અને તમારી સામાન્ય હૃદયની લયને પુનઃ સ્થાપિત કરવા માટે હૃદયના સ્નાયુને પોતાની મેળે વિદ્યુતીય આંચકો આપે છે.

આ આઇસીડી ડિવાઇસનું જે દર્દીમાં પ્રત્યારોપણ કરેલ છે તેને પણ આ ઉપકરણ મૂકવામાં આવ્યું તેના ૩ દિવસની અંદર આ ઉપકરણ પાસેથી જીવ બચાવનાર આંચકો મળ્યો હતો અને તેણીની કિંમતી જીંદગી બચી ગઈ." ડો. અજય નાઈકને વ્યક્ત કર્યુ. “જો કે, આ નવી તકનીકના કારણે આ ઘટના સાથે સંબંધિત ડેટા દર્દીના મોબાઈલ ફોન દ્વારા તરત જ ટ્રાન્સમિટ કરવામાં આવ્યો હતો જેની મારી ટીમી તપાસ કરીને પુષ્ટિ કરી શકી છે અને બદલામાં દર્દી સાથે તેના વિષે વાતચીત પણ કરી શકી છે.

આવી ટેક્નોલોજીનો સૌથી મોટો ફાયદો એ છે કે દર્દી હંમેશાં ડોક્ટર અને તેની ટીમ સાથે જોડાયેલ રહે છે, કારણ કે ડિવાઇસનો ડેટા હંમેશાં ડોક્ટરને મળે છે અને દર્દીને ફક્ત ડિવાઇસની ચકાસણી કરવા માટે પોતાના ગામથી હોસ્પિટલ આવવાની જરૂર નથી. ડોક્ટર દર્દીને ફક્ત ત્યારે જ મુસાફરી કરવાની સલાહ આપે છે જો પરામર્શ કરવાની જરૂર હોય અથવા ઉપકરણના સેટિંગ્સને ફરીથી પ્રોગ્રામ કરવાની જરૂર હોય, જેના કારણે દર્દીના પૈસા અને સમય બંને બચે છે.

“આ એક બહુ મોટો ફાયદો છે કારણ કે આ માત્ર દર્દી માટે જ અનુકૂળ નથી, પરંતુ આના કારણે દર્દીઓ અને ડોક્ટરો હંમેશાં જોડાયેલ રહે છે, જ્યારે વિશ્વના કોઈપણ સ્થળેથી ઉપકરણની કાર્યક્ષમતા પર સતત નજર રાખી શકે છે.

**સૌજન્ય**


**ડૉ. અજય નાઈક**
MD, DM, DNB, FACC, FHRS
**કાર્ડિયાક ઈલેક્ટ્રોફિઝીયોલોજીસ્ટ**
મો. +91-98250 82666
ઈમેલ: ajay.naik@cims.me

**ડૉ. હિરેન કેવડીયા**
MBBS, MD Medicine, DM Cardiology
**કાર્ડિયાક ઈલેક્ટ્રોફિઝીયોલોજીસ્ટ**
મો. +91-98254 65205
ઈમેલ: hiren.kevadiya@cimshospital.org

Volume-12 | Issue-126 | January 25, 2021


CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# સીમ્સ મેડીસીટી™




આશરે 6,50,000 સ્કેવેર ફુટ વાળી અને વિશાળ બેઝમેન્ટ 1,50,000 સ્કેવેર ફુટ થી વધારે

બધી મલ્ટી-સ્પેશ્યાલીટી સેવાઓ માટે 24X7 સુરક્ષિત જગ્યા





# CIMS HOSPITAL

**17**


## TAVI

(Transcatheter Aortic Valve Implantation)

Procedures at CIMS



Balloon Inflatable (Hybrid) Myvalv



Self Expanding (Supra-Annular) Evolut Valve

**100% Successful Hospital Outcomes**

**Highest Number in Gujarat**

CIMS
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS NEWS CARE & CURE
Volume-12 | Issue-126 | January 25, 2021

# સિમ્સ હોસ્પિટલ ખાતે દાખલ થયેલ ૯૦ વર્ષના કોવિડ પોઝિટિવ દર્દીના સાજા થવા વિશેની વાત.



સાલ ૨૦૨૦ એ સાલ ૧૯૧૯ ની જેમ વિશેષ છે, કારણ કે આવું સો વર્ષમાં ફક્ત એક જ વાર થાય છે. પૂરી દુનિયામાં સાલ ૨૦૨૦ ને કોવિડના રોગચાળાના વર્ષ તરીકે યાદ કરવામાં આવશે. આ ક્ષણે પણ, ૬૫ વર્ષથી ઉપરની વય વાળા પુરુષો અને સ્ત્રીઓને ઘરે રહેવા વિનંતી કરવામાં આવે છે; સાવચેત રહો, કારણ કે વૃદ્ધ વર્ગના દર્દીઓ માં આ ગંભીર એક્યૂટ રેસ્પિરેટરી સિન્ડ્રોમ કો.વી. - ૨ નો ચેપ લાગવાના પરિણામો નબળા છે. વૃદ્ધ દર્દીઓનું મૂલ્યાંકન કરવું અને સારવાર આપવી પડકારજનક હોય છે કારણ કે તેઓ ખાસ કરીને સાર્સ/એસએઆરએસ કો.વી. -૨ ના ચેપના પ્રતિકૂળ ક્લિનિકલ પરિણામો પ્રત્યે સંવેદનશીલ હોય છે. વય સાથે તે વ્યક્તિમાં પહેલેથી અસ્તિત્વ ધરાવતી વધારાની તબીબી સ્થિતિઓ તેઓની સારવારના વિકલ્પોને જટિલ બનાવે છે. પુરૂષ જાતિ અને કાર્ડિયોવાસ્ક્યુલર ડિસીઝ, ડાયાબિટીસ, હાયપરટેન્શન, ક્રોનિક કિડની ડિસીઝ, સ્થૂળતા,અને ફેફસા સંબંધિત રોગ જેવી કો-મોર્બિડીટીઝ નબળા પરિણામો આવવા સાથે સંકળાયેલા છે. વૃદ્ધ વ્યક્તિઓમાં, રોગપ્રતિકારક શક્તિની ઊણપ અને મોર્બિડ ડિસઓર્ડર્સ વાયરલ-પ્રેરિત સાયટોકીન તોફાનને પ્રોત્સાહન આપવાની સંભાવના ધરાવે છે, જે જીવલેણ શ્વસન પ્રક્રિયાની નિષ્ફળતા અને એકથી વધુ શરીરની પ્રણાલીઓના સમાવેશમાં પરિણમે છે. વૃદ્ધ વ્યક્તિઓ માટે તેઓના વ્યક્તિગત તબીબી ઇતિહાસ અને એકજ તબીબી સ્થિતિ માટે ઘણી બધી દવાઓ સાથે સારવાર કરવી ના આધારે પ્રારંભિક નિદાન અને વ્યક્તિગત ઉપચારાત્મક સંચાલન એ સારવાર માટેના વિકલ્પો છે. જો વૃદ્ધ લોકોની વહેલી સારવાર કરવામાં આવે તો મુશ્કેલીઓ વિના તેઓના સ્વાસ્થ્યની પુનઃ પ્રાપ્તિ ઝડપી થાય છે. વયના પરિબળ અને એક વ્યક્તિમાં એક સાથે એકથી વધુ દીર્ઘકાલીન અને તીવ્ર બીમારીઓની હાજરી હોવી ને ધ્યાનમાં લેતા, શક્ય હોય તેટલી વહેલી તકે તબીબી સહાયની મેળવવાથી તેઓને સ્વસ્થ થવામાં સહાય મળે છે.

અહીં અમે એક ૯૦ વર્ષીય સર્જન, કે જેઓ કો-મોર્બિડીટીઝ સાથે અને કોવિડના ચેપ સાથે સિમ્સ કોવિડ કેર સેન્ટરમાં દાખલ થયા હતા, તેઓના સ્વાસ્થ્યની સફળ પુનઃ પ્રાપ્તિ વિશેની વાત પ્રસ્તુત કરીએ. આ વૃદ્ધ સર્જન હાઈ બ્લડ પ્રેશર અને મગજ અને કરોડરજ્જુ સિવાયની શરીરની નસોને થયેલ નુકસાનના કારણે થયેલ વિકૃતિ નો જાણીતો કેસ છે. છેલ્લા ૪-૫ દિવસથી તેઓને કફ, નબળાઇ, ઓછા તાપમાન વાળા તાવ અને માથાનો દુખાવો થવાની ફરિયાદ હતી. તેઓના કોવિડ પરીક્ષણ નું પરિણામ સકારાત્મક હતું. આ સર્જનને સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ, ગુજરાત, ભારત ખાતે સિમ્સ કોવિડ કેર ગ્રુપ હેઠળ એક અલગ સુસ્થાપિત ૧૦૦ પથારીવાળા કોવિડ માટેના ખાસ એકમ (વેસ્ટ વિંગ) માં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ નિષ્ણાતો અને અનુભવી ડોકટરોની ટીમની સક્ષમ સંભાળ હેઠળ હતા જેમાં ફિઝિશિયન્સ, ઇન્ટેન્સિવિસ્ટ્સ, પલ્મોનો-લોજિસ્ટ્સ, ચેપી રોગના નિષ્ણાતો, રેડિયો-લોજિસ્ટ્સ, પેથોલોજિસ્ટ્સ, માઇક્રોબાયોલોજિસ્ટ, ફિઝીયોથેરાપિસ્ટ, ડાયેટિશિયન મનોવિજ્ઞાનિકો શામેલ હતા.

**કોવિડનું સંચાલન**

ઇન-હાઉસ મલ્ટિ-સ્લાઈસ હાઇ રિઝોલ્યુશન કોમ્પ્યુટેડ ટોમોગ્રાફી (એચઆરસીટી) સ્કેનના તારણો લાક્ષણિક કોવિડ - ૧૯ ન્યુમોનિયા સૂચવી રહ્યા હતા. કાવિડ - ૧૯ માટેના ઇન્ફ્લેમેટોરી માર્કર્સ સહિતના લોહીના પરીક્ષણો પણ કરવામાં આવ્યા હતા. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ ની માર્ગદર્શિકાને અનુરૂપ હોસ્પિટલના પ્રોટોકોલ મુજબ દર્દીને અલગ રાખવામાં આવ્યા હતા અને કાવિડ - ૧૯ ન્યુમોનિયા માટેની સારવાર શરૂ કરવામાં આવી હતી. દર્દીની સારવાર રેમડેસિવીર - એક એન્ટિ-વાયરલ દવાના ઇન્જેક્શન, કલેક્સ-એનના ઇન્જેક્શન, ટેબલેટ ઝિંકોવિટ, ટેબલેટ વિટામીન-સી અને ન્યુમોનિયાના ઉપચાર માટેના અન્ય સહાયક દવાઓ સાથે કરવામાં આવી હતી. તેઓ હોસ્પિટલમાં દાખલ હતા તે દરમ્યાન લોહીમાં ઓક્સીજનની માત્રા ના સ્તરને ૯૬% - ૯૯% ની વચ્ચે જાળવવામાં આવ્યું હતું. તે સમય દરમ્યાન કોઈ પણ પ્રકારના કોઈ બનાવો વગરના ૫ દિવસ માટે હોસ્પિટલમાં દાખલ રહ્યા પછી દર્દીને જે દબાણ સાથે હૃદય લોહી પંપ કરે છે તે સ્થિર હોય તેવી સ્થિતિ સાથે રજા આપવામાં આવી હતી.

**નિષ્કર્ષ**

સિમ્સ કોવિડ કેર સેન્ટરમાં દાખલ થયેલ હાયપરટેન્શન અને મગજ અને કરોડરજ્જુ સિવાયની શરીરની નસોને થયેલ નુકસાનના કારણે થયેલ વિકૃતિની એક વ્યક્તિમાં એક સાથે એકથી વધુ દીર્ઘકાલીન અને તીવ્ર બીમારીઓની હાજરી હોવી ધરાવતા ૯૦ વર્ષીય સર્જનનો અનુભવ સૂચવે છે કે, કોવિડ - ૧૯ થી સંક્રમિત વૃદ્ધ દર્દીઓની સારવાર કરતી વખતે નિયમિત એન્ટિવાયરલ થેરાપી ઉપરાંત સમયસર તપાસ થવી અને સારવાર શરૂ થવી એ બંને નિર્ણાયક બાબતો છે. લાભકારક અને સમયસર ઉપચારાત્મક નિર્ણયોને લક્ષ્યમાં રાખીને વૃદ્ધ વયસ્કોની સારવાર કરતાં સમયે તેઓ પ્રત્યે વ્યક્તિગત અભિગમ રાખવો જોઈએ. કાવિડ - ૧૯ માટેની વિશિષ્ટ સારવારમાં વધુ પ્રગતિ ન થાય ત્યાં સુધી, એવી ભલામણ કરવામાં આવે છે કે વૃદ્ધ લોકો એ કાવિડ - ૧૯ ના રોગચાળા દરમ્યાન સાવચેત રહેવું જોઈએ.

સિમ્સ કોવિડ કેર સેન્ટરમાં વ્યાપક અને સમયસર તબીબી સંભાળ સાથે, અમે શ્વસન પ્રક્રિયામાં સહાય માટે આઇસીયુમાં દાખલ કરવા પડે તેની સંભાવનાઓને ઘટાડી છે, જેના પરિણામે કોવિડ - ૧૯ ના વૃદ્ધ દર્દીઓમાં અનુકૂળ પરિણામ આવે છે.

CIMS NEWS CARE & CURE

Volume-12 | Issue-126 | January 25, 2021

CIMS
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# એક નાની તિરાડનો અર્થ એ નથી કે તમે ભાંગી ગયા છો. તેનો અર્થ એ છે કે તમે પરીક્ષા આપી છે અને તમે અલગ પડયા નથી : સંજય પટેલ



સંજયભાઈ પટેલ ઉંમર ૪૦ વર્ષ. બોરસદ તાલુકાના નાના ગામના વતની. જન્મજાત ખેડૂત અને આખી જીંદગી પરસેવો પાડીને ખેતીમાં વિતાવી.ઉપરની હકીકત વાંચીને કોઈ કસાયેલા શરીરવાળા તંદુરસ્ત, યુવાન ધરતીપુત્રની યાદ આવે. પણ એમને રૂબરૂ મળો તો ઘડી માત્રમાં આ વિચાર પડી ભાંગે. માયકાંગલા શરીર અને ફિક્કા ચહેરા પર ઉંડી ઉતરી ગયેલી આંખો સાથે ધમણની જેમ ચાલતો શ્વાસ જાણે યુવાન શરીર પર અકાળે આવી ગયેલ વૃધ્ધત્વ. કમનસીબે થોડા મહિનાથી શ્વાસ લેવાની તકલીફ ને કારણે દૈનિક ચર્ચા પણ સિમીત થઈ ગઈ હતી.

ગામના સરકારી દવાખાનાથી લઈને શહેરના નામાંકિત તબીબો  ને બતાવવા સુધીની સફરમાં એક નિદાન સામે આવ્યું કે સંજયભાઈ નુ હ્રદય ફૂલી ગયું છે.આણંદ શહેરના નામાંકિત કાર્ડીયોલોજીસ્ટે ભારે શબ્દોમાં જાહેર કર્યું કે હ્રદયનું પપીંગ ૧૫ ટકા થઈ ગયું છે અને તેની સમયસર સારવાર ન થશે તો એ ગમે ત્યારે બંધ પડી જશે.

ચિંતિત ચહેરે સંજયે પુછ્યું કે આ રોગની શું સારવાર ? અને જવાબ મળ્યો કે હ્રદયનું ટ્રાન્સપ્લાન્ટ. બીજા કોઈ મગજથી મરેલા માણસનું ધબકતું હ્રદય છાતીમાંથી કાઢીને તમારા શરીરમાં ગોઠવી ચાલુ કરવું પડે. પરિવારજનોના પગ તળેથી જાણે જમીન સરકી ગઈ. સંજય પણ હવે ગભરાયો પરંતું એની જીજીવિષા પ્રબળ હતી.

ઘણી જગ્યાએ તપાસ કરતા એના કાનમાં વારંવાર એક જ માહિતી આવી, અમદાવાદ સ્થિત સિમ્સ હોસ્પિટલ ના સુપ્રસિધ્ધ હાર્ટ સર્જન ડો. ધવલ નાયક. યુવાન ,ઉત્સાહી અને હ્રદય ના અટપટા ઓપરેશન કરી શકે તેવા હોશિયાર તબીબનો સમગ્ર ગુજરાતમાં કોઈ પર્યાય નથી.

ડુબતા માણસને તણખલું પણ સારૂ લાગે એમ સંજયે પણ એક વખત ધવલભાઈ ને મળવાનું નકકી કર્યું. એક સારી સવારે પુરો પરિવાર અમદાવાદ આવી પહોરચો.મસમોટી કોર્પોરેટ હોસ્પિટલ,મોઘી કારોની આવન જાવન, યુનિફોર્મમાં સજ્જ દોડાદોડી કરતો સ્ટાફ અને જયાં ત્યાં કોમ્પ્યુટરોની હાજરી. ગામડેથી આવેલા લોકોને ડઘાવી મુકવા પુરતા હતા.

પરંતું જયારે ડો. ધવલભાઈ સામે આવ્યા ત્યારે આ બધી જ ગભરાહટ ક્ષણવારમાં ભુલાઈ ગઈ. સંજયના શબ્દોમાં હ્રદય વિશેની સંપૂર્ણ માહિતી અને રોગના ઉપચાર સુધીની વાતો જાણે સ્કૂલમાં ટીચર વિદ્યાર્થીઓને સમજાવતા હોય તેવું લાગ્યું. થોડા રીપોર્ટ કઢાવીને ધવલભાઈ એ પણ મહોર મારી કે હ્રદય બદલાવવા સિવાય તમારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી. વિશેષ હ્રદય કયારે, કોનું  અને કઈ જગ્યાએથી આવશે તે અંગે કશું જ કહી શકાય એવું નહી.

હ્રદયના પ્રત્યારોપણની બધી જ વિગતો સમજીને સંજયભાઈ એ થોડા હળવા મન સાથે ઘરમાં પગ મૂકયો. ઘરે પહોરચા પછી લોકોની સલાહો આપવાની વણઝાર ચાલી પણ સંજયે મનથી નકકી કરી લીધું કે હવે પછીની સારવાર કરાવવી હોય તો એ માત્ર ધવલભાઈ પાસે જ બાકીની ભગવાનની ઈરછા. બે દિવસમાં તો સંજય હ્રદયના ટ્રાન્સપ્લાન્ટ માટે જરૂરી બધા રિપોર્ટ કરાવવા માટે હોસ્પિટલમાં દાખલ થઈ ગયો. સૌથી પહેલાં હ્રદયની ધમનીઓની એન્જીયોગ્રાફી કરાવવામાં આવી અને તે નોર્મલ આવી. બીજા સ્ટેજની અંદર તેના માથાના વાળથી પગના નખ સુધીના બધા જ રિપોર્ટ કરાવવામાં આવ્યા અને તે પણ ઘણા ખરા નોર્મલ હતા. ગુજરાતના જાણીતા હાર્ટ સર્જન ડો. ધીરેનભાઈ શાહે જણાવ્યું કે હવે તમને હ્રદયના ટ્રાન્સપ્લાન્ટના વેઈટીંગ લિસ્ટમાં સામેલ કરીશું. સમગ્ર ગુજરાતભરમાં ઓર્ગન ડોનેશની પ્રવૃતિઓમાં કાર્યરત સંસ્થાઓને સમાચાર પહોચાડી દેવામાં આવ્યા કે કોઈપણ બ્રેઈન ડેડ વ્યકિતની ઓળખાણ થાય તો ત્વરિત સિમ્સ હોસ્પિટલમાં જાણ કરવી.

હવે પછીનો મસ મોટો સવાલ હતો રૂપિયોનો કારણ કે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની સર્જરી માત્ર જટિલ નહી પણ ખર્ચાઈ પણ હોય છે.સરકારી અને બિન સરકારી સંસ્થાઓ અને સમાજના મોભીઓને આની હાકલ નાખવામાં આવી અને જોત જોતામાં તો રૂપિયાની પણ સગવડ થઈ ગઈ, હવે પછી જરૂર હતી એક સરસ બધકતા હ્રદયની, ધવલભાઈને ગળા સુધીની ખાતરી હતી કે દિલદાર દેશમાં એ પણ જલ્દીથી મળી જશે.

જયાં હ્રદય મળવાની રાહ જોવાતી હતી ત્યાં સંજયની હાલત વધારે કથળતી જતી હતી, અને એક વહેલી સવારે હ્રદય અચાનક વધારે ખરાબ થવાથી અને તેને લીધે લીવર અને કિડની પર સોજો ચડવાથી સિમ્સ હોસ્પિટલના આઈસીયું માં દાખલ થવું પડ્યું

ભગવાન પણ સંજયની પરીક્ષા લેતો હતો પણ સંજય એમ જ હાર માની લે તેવો ન હતો. તેનું નસીબ એટલું પ્રબળ હતું કે તે જ દિવસે બપોરે સુરત સ્થિત ડોનેટ લાઈફ સંસ્થામાંથી ધવલભાઈ પર એક બ્રેઈન ડેડ પેશન્ટને માટે ફોન આવ્યો પણ સંજય માટે હજું એક પરીક્ષા બાકી હતી કારણ કે સંજયનો નંબર વેઈટીંગ લિસ્ટમાં ત્રીજો હતો અને આગળના બે દર્દીઓ પણ તે જ સમયે હ્રદયની આતુરતાપૂર્વક રાહ જોતા હતા. પરંતું સંજયનું નસીબ બે ડગલા આગળ ચાલતું હતું, એક દર્દી સર્જરી માટે લાયક ન નીકળ્યા અને બીજા દર્દીને એ અપાય તેવું ન હતું.

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS NEWS CARE & CURE
Volume-12 | Issue-126 | January 25, 2021

સિમ્સ હોસ્પિટલમાં ડો. ધવલભાઈ અને ડો. ધીરેનભાઈ ની પૂરી ટીમ હવે હરકતમાં આવી ગઈ. હૃદય બદલવું એ માત્ર સર્જરી નથી પરંતુ આખી પ્રક્રિયા છે અને તેમાં ઘણી જ બધી વસ્તુઓ સંલગ્ન કરવાની હોય છે. એમાંય સૌથી મહત્વનો છે સમય, કારણ હૃદયને જુના શરીરમાંથી કાઢી અને નવા શરીરમાં નાખીને ચાલુ કરવામાં માત્ર ચાર કલાકનો ટૂંકોગાળો રહેલ છે. હોસ્પિટલની અંદર ડોકટરોની બે ટીમ તૈયાર થઇ ગઈ, એક ટીમ નવું હૃદય લાવવા માટે અને બીજી ટીમ નવું હૃદય લગાવવા માટે.

સિમ્સ હોસ્પિટલમાં સંજયની નવી જીંદગી માટેનું કાઉન્ટ ડાઉન ચાલુ થઈ ગયું છ ડોકટરોની એક ટીમ ચાર્ટર પ્લેન મારફતે સુરત જવા ઉપડી, વહેલી સવારે સુરતની પ્રાઈવેટ હોસ્પિટલમાં હૃદય કાઢવાની સર્જરી ચાલુ કરવામાં આવી, સુરત ખાતે હોસ્પિટલથી એરપોર્ટ સુધીનો ગ્રીન કોરિડોર તૈયાર કરવામાં આવ્યો. ફલાઈટમાં બેસતાની સાથે જ અમદાવાદ ધીરેનભાઈ ને મેસેજ અપાઈ ગયો. સંજયના બગડેલા હૃદયને બહાર કાઢવાનું ચાલુ કરો, અમે જલ્દીથી પહોચીએ છીએ. અમદાવાદ એરપોર્ટ ઉપર એમ્બ્યુલન્સ અને પોલીસની વાન ગ્રીન કોરિડોર સાથે સજ્જ હતી, અને માત્ર એકસો વીસ મિનીટ માં ડોકટરોની ટીમ સુરત થી હૃદય લઈને અમદાવાદ સિમ્સ હોસ્પિટલના ઓપરેશન થિયેટરમાં પહોચી ગઈ. ૪ કલાક ની મહેનત અને કંઈ કેટલાય લોકોના અથાગ પ્રયત્નથી સંજયના શરીરમાં નવું હૃદય લાગી ચૂકયું હતુ.

ડોકટરોની પૂરી ટીમ એકી ટશે નવા હૃદયને નિહાળી રહી હતી અને જેવું તે ધબકવાનું ચાલુ થયુ તો આખુ ઓપરેશન થિયેટર આનંદની કીકીયારીઓથી ગુંજી ઉઠ્યું.

પૂરા ૧૫ દિવસ હોસ્પિટલના તમામ લોકોએ તનતોડ મહેનત કરી સંજયને પાછો હરતો ફરતો કરી દીધો.દિવાળીની આગલી સવારે નવા હદય અને જીવન સાથે સંજય ઘરે પહોચ્યો તો પુરા પરિવારમાં હર્ષોલ્લાસ છવાયો.

હોસ્પિટલથી રજા આપતા પહેલાં ધવલભાઈ એ સંજય ને પૂછ્યું કેવું લાગે છે ? સંજયે ટૂંકમાં જવાબ આપ્યો, દિવાળી અને નવા વર્ષની આનાથી સારી શું ભેટ હોઈ શકે !

**સૌજન્ય**
**ડૉ. ધવલ નાયક**
MS (Gold Medalist), DNB (CTS)
**કાર્ડિયાક અને હાર્ટ-લંગ ટ્રાન્સપ્લાન્ટ સર્જન**
મો. +91-90991 11133
ઈમેલ: dhaval.naik@cims.me

## ખરતા વાળની સમસ્યા



વાળ એ સ્ત્રી અને પુરૂષ બંન્નેને સૌંદર્ય પ્રદાન કરે છે. સ્વસ્થ અને સુંદર વાળ, શરીરની આંતરિક સ્વસ્થતાની નિશાની છે. સામાન્ય રીતે આપણા માથા પર ૧ લાખ સુધીના વાળના મૂળીયા (Hair Follicles) આવેલા હોય છે. આપણું શરીર નવા વાળ ઉગાડવા માટે અને જૂના વાળ ખરવા માટે પોગ્રામ (Program) કરેલું છે.

ઘણીવાર વાળ ખરી જાય છે, પણ ત્યાં નવા વાળ આવી નથી શકતા, જેના કારણે વાળનો જથ્થો ઓછો થવો, પાથી પહોળી થઇ જવી અને ટાલ પડવી વગેરે માથા પર જોવા મળે છે.

આપણા વાળ Keratin નામના પ્રોટીનથી બનેલા હોય છે. Keratin સાથે ઘણા બધા Micro Nutrient, Vitamins અને Minerals પણ વાળના બંધારણમાં અગત્યનો ભાગ ભજવે છે.

વાળ ખરવાના ઘણા કારણો હોય છે, જેમાંથી મુખ્યત્વે

(૧) પોષક તત્વની ઉણપ

(૨) આનુવંશિકતા

(૩) હોર્મોનલ Imbalance જવાબદાર હોય છે.

આથી કરીને જો તમને ખરતા વાળની સમસ્યા હોય તો Dermatologist નો સંપર્ક કરીને જરૂરી Blood Test કરાવવા અને યોગ્ય માર્ગદર્શન હેઠળ ઉચિત સારવાર કરાવવી.

સ્વસ્થ અને સુંદર વાળ આપણને આત્મવિશ્વાસ અપાવે છે. આથી વાળની બરાબર સારસંભાળ રાખવી એ આપણી જવાબદારી છે.

**સૌજન્ય**
**ડૉ. સ્નેહા ગોહિલ**
**ડર્મેટોલોજીસ્ટ અને કોસ્મેટોલોજીસ્ટ**
મો. +91-82380 16980
ઈમેલ: sneha.gohil@cimshospital.org

# કિડની ફેલ્યર વિશે માહિતી (Kidney Failure)



કિડનીનુ મુખ્ય કામ શરીરની સ્વચ્છતા જાળવવાનું છે. કિડની શરીરમાંથી બિન જરૂરી કચરો અને ઝેરી પદાર્થ પેશાબ દ્વારા બહાર કાઢે છે. જ્યારે કિડનીને કોઈ કારણસર નુકશાન થાય છે અને તેની કાર્યક્ષમતા ઘટી જાય છે તેને કિડની ફેલ્યર કહેવાય છે.

બે પ્રકારના કિડની ફેલ્યર હોય છે - Acute (એક્યુટ) અને Chronic (ક્રોનિક)

### Acute Kidney Failure

ઘણા કારણોસર કિડની ટૂંકા સમયમાં જ (અમૂક દિવસ કે અઠવાડીયામાં) કામ કરવાનું ઓછુ કે બંધ કરી દે છે તેને Acute Kidney Failured Injury કહેવાય છે, તેના મુખ્ય કારણો છે ઈન્ફેક્શન, ઝાડા ઉલ્ટી, પથરીની બિમારી, કિડનીને નુકશાનકારક દવા લેવી જેમ કે Pain killers, બી.પી ઓછું થવુ વગેરે. તાત્કાલિક નિદાન અને વહેલી સારવારથી આ Acute Kidney Failure સંપૂર્ણપણે મટી શકે છે અને કિડની ની કાર્યક્ષમતા પહેલાની જેમ થઈ શકે છે.

### Chronic Kidney Disease (CKD)

કેટલાક કારણોસર કિડની ધીમે ધીમે (અમૂક મહિના કે વર્ષમાં) ખરાબ થવા લાગે છે અને તેની કાર્યક્ષમતામાં ઘટાડો થાય છે. CKD નાં મુખ્ય કારણો ડાયાબીટીસ, Hypertention ( બી.પી. વધારે રહેવું) લાંબા ગાળાની હૃદયરોગની બિમારી, જન્મજાત થી કિડનીની બિમારી, વગેરે..

આમાં કિડનીને કાયમી નુકશાન થાય છે જે પાછું નોર્મલ થઈ શકતું નથી. CKD ના અંતિમ સ્ટેજને ESKD (End Stage Kidney Disease) કહેવાય છે, જેમાં ડાયાલીસીસ અને કિડની Transplant કરવામાં આવે છે.

### કિડની ફેલ્યરનું નિદાન

- લોહીની તપાસ :- Creatinine અને Urea ના પ્રમાણ દ્વારા કિડનીની કાર્યક્ષમતા વિશે માહિતી મળે છે, જ્યારે કિડની ૫૦ ટકાથી વધારે ખરાબ હોય છે ત્યારે Creatinene અને Urea નું પ્રમાણ લોહીમાં વધે છે.
- અન્ય લોહીના રીપોર્ટ- Sodium, Hemoglobin, Potassium, Bicarbonate, વગેરે
- પેશાબની તપાસ
- કિડનીની સોનોગ્રાફી

### કિડની રોગ અટકાવવા માટેની કાળજી

- ડાયાબીટીસ અને High Blood Presure ને નિયંત્રણ માં રાખવું
- દૂખાવાની (Pain Killers) દવાઓથી દૂર રહેવું
- પોષ્ટિક આહાર લેવો- મીઠું, ખાંડ, ચરબીયુકત ખોરાક ઓછો લેવો.
- યોગ્ય પ્રમાણમાં પાણી પીવું.
- નિયમિત કસરત કરવી, યોગ્ય વજન જાળવવું
- ધૂમ્રપાન, તમાકુંથી દૂર રહેવું
- કિડનીની બિમારીના લક્ષણ હોય જેમ કે મોં કે પગમાં સોજા આવવા, નબળાઈ લાગવી, પેશાબમાં તકલીફ થવી, તો તરત જ ડોકટરનો સંપર્ક કરવો
- નિયમિત Health Check Up કરાવવું

કિડનીના ઘણા રોગ અતિ ગંભીર હોય છે અને તેના નિદાન અને સારવાર માં જો મોડું થાય તો Permanent Kidney Damage થાય છે જે irreversible હોય છે અને પછી છેલ્લા તબક્કાની સારવાર જેમ કે ડાયાલીસીસ કે કિડની Transplant કરવું પડે છે.

આ કારણસર Prevention is Better than cure કહેવત ને અનુસરવું ખૂબ જ જરૂરી છે.

સૌજન્ય

**ડૉ. રેચલ શાહ**

MBBS, MD (Medicine), DNB (Nephrology)

નેફ્રોલોજીસ્ટ

મો. +91-90990 62755

ઈમેલ: rechal.shah@cimshospital.org



Volume-12 | Issue-126 | January 25, 2021

CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100
Published 25th of every month
Registered under Postal Registration No. GAMC-1813/2020-2022 valid upto 31st December, 2022
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month
Licence to Post Without Prepayment No. PMG/HQ/107/2020-2022 valid upto 31st December, 2022

**If undelivered Please Return to**

**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
Phone : +91-79-2771 2771-72
Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 1059 / 4805 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

# સિમ્સ ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર

## સિમ્સ ટ્રાન્સપ્લાન્ટ સેન્ટરમાં એક જ દિવસે બે ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ

**ટોટલ હાર્ટ**
**13**
કેડેવરિક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ

**3RD**
કેડેવરિક લીવર ટ્રાન્સપ્લાન્ટ

**ટોટલ લીવર**
**18**
ટૂંકા ગાળામાં લીવર ટ્રાન્સપ્લાન્ટ

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060.
Ph. : +91-79-2771 2771-72 Fax: +91-79-2771 2770.
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.org | www.cims.org

**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**